# વહુ પરદેસી પણ ગર્લ તો દેસી જ...

સ્ટાર ફોક્સ

# પ્રિયંકા ચોપરા જોનસ



***બો**લિવૂડની દેસી ગર્લ પ્રિયંકા ચોપડા જોનાસ એકમાત્ર એવી એક્ટ્રેસ છે જે બોલિવૂડમાં જ નહીં હોલીવુડની ટોપની એક્ટ્રસમાં સામિલ છે. 2000માં મિસ વર્લ્ડનું ટાઈટલ જીત્યા બાદ તેણે કારકિર્દીને પાટે ચઢાવી એવી દોડ મૂકી કે ૨૦૨૨ (જ્યારે દીકરી માલતી મેરીનો જન્મ થયો) સિવાય આજ સુધી તેણે હિટ ફિલ્મો ન આપી હોય. પ્રિયંકા બ્યુટી વિથ બ્રેઈનની સાથોસાથ હિંમત અને ટેલેન્ટનું જોરદાર કોમ્બિનેશન છે. તેમની જીંદગી એક મોટી ફિલ્મ જેવી છે - બ્લોકબસ્ટર ફિલ્મો અને સફળતા, લવ અફેર, બોલ્ડનેસ અને કેટલાક વિવાદો પણ! ચાલો જાણિએ પ્રિયંકા વિશે થોડું 'બ્લફ'...*

## 'ધ ગર્લ રાઇઝિંગ'

૧૯૮૨માં જન્મેલી પ્રિયંકા હાલમાં ૪૩ વર્ષની છે. તેમના મમ્મી-પપ્પા ભારતીય આર્મીમાં ડોક્ટર હતા, એટલે તેમનું ટ્રાન્સફર થતાં બાળપણમાં ઘણું ફરવું પડ્યું. તેઓ અમેરિકામાં પણ રહ્યા અને ત્યાં રેસિઝમનો સામનો કરવો પડ્યો. ત્યારબાદ તેઓ ભારત પાછા આવ્યા. શરૂઆતમાં પ્રિયંકાએ એન્જિનિયર બનવાનું વિચાર્યું, પણ તેની મમ્મીએ મિસ ઈન્ડિયા માટે ફોટા મોકલ્યા. ૨૦૦૦માં તેઓ મિસ વર્લ્ડ બન્યા. ત્યારબાદ બોલિવૂડ તરફથી તેને ઘણી મોટી ફિલ્મોની ઓફરો આવી અને એક્ટિંગ તરફ આગળ વધી. જોકે, કોલેજકાળ દરમિયાન તેણે ફોટોશૂટ તથા નાની-મોટી જાહેરાતોમાં કામ કર્યું હતું.

## બોલિવૂડની દેસી ગર્લ

બોલિવુડમાં ઘણી હિટ ફિલ્મો કરી - 'ડોન', 'અંદાઝ', 'ક્રિશ', 'સલામ-એ-ઈશ્ક', 'બરફી', 'ઐતરાઝ', 'મુઝસે શાદી કરોંગી?' વગેરે. તેઓ ભારતની સૌથી મોટી એક્ટ્રેસ બન્યા. પછી ૨૦૧૩માં હોલીવુડમાં જવાનું નક્કી કર્યું. પ્રિયંકાએ ૩૦ વર્ષની ઉંમરે નવી શરૂઆત કરી - એક્ટિંગ ફરીથી શીખી. 'ક્વોન્ટિકો' ટીવી શોમાં લીડ રોલ કર્યો, જે પહેલી ભારતીય એક્ટ્રેસની મોટી અમેરિકન ટીવી સિરીઝ હતી. 'સિટાડેલ', 'મેટ્રિક્સ' જેવી ફિલ્મોમાં કામ કર્યું. તે ઘણી ફિલ્મોમાં પ્રોડ્યુસર પણ રહી ચૂકી છે.

તાજેતરમાં તેણે હાર્વર્ડ યુનિવર્સિટીમાં ઈન્ડિયા કોન્ફરન્સમાં કીનોટ સ્પીચ આપી હતી, જેમાં તેણે ભારતીય આઈડેન્ટિટી, એમ્બિશન અને ગ્લોબલ ઈન્ડિયા વિશે ખૂબ ઈમોશનલ વાત કરી હતી. તેઓ કહે છે કે તેઓ ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે ગર્વ અનુભવે છે.

## 'સાત ખૂન માફ' વિવાદો

પ્રિયંકાની જીંદગીમાં કેટલાક વિવાદો પણ છે. બોલિવુડમાં શરૂઆતમાં તેને એક મોટા એક્ટરે ફિલ્મમાંથી કાઢી નાખી હતી. કેટલાક રુમર્સમાં શાહરુખ ખાન અને અક્ષય કુમાર સાથે અફેરની વાતો આવી હતી. શૂટિંગ ઉપરાંત તેઓ ઈવેન્ટ્સ, પબ, રેસ્ટોરન્ટમાં વારંવાર સાથે જોવા મળતા હતા. કહેવાય છે કે ગૌરી ખાને શાહરૂખને પ્રિયંકા સાથે ફિલ્મો કરવાની મનાઈ કરી હતી, જેને કારણે ઘણી ફિલ્મ કાસ્ટમાં જેમાં તેને પહેલાં સાઈન કરવામાં આવી હતી પરંતુ પછી કાઢી નંખાઈ હતી. પ્રિયંકાના મેમોયર્સ 'અનફિનિશ્ડ'માં બોલિવુડમાં પેટ્રિયાર્કી અને ફેવરિટિઝમ વિશે વાત કરી છે. ઘણાં એમ પણ કહે છે કે ટોપના એસ્ટાબ્લીસ્ડ એક્ટર્સ સાથેના અફેરને કારણે પ્રિયંકાને બોલિવૂડમાંથી અંદરખાને બેન કરવામાં આવી હતી અને તેણે હોલિવૂડ તરફ ખસવું પડ્યું.

## નિક જીજુ સાથે તેરી મેરી કહાની

પ્રિયંકા અને નિક જોનાસની લવ સ્ટોરી ખૂબ ફાસ્ટ હતી. બંને ૨૦૧૮માં મળ્યા અને ૬ મહિનામાં લગ્ન કર્યા. ઉંમરનો તફાવત- લગ્ન સમયે પ્રિયંકા ૪૩ અને નિક ૩૩ વર્ષના હતા- અલગ ધર્મ અને તદ્દન અલગ બેકગ્રાઉન્ડ હોવા છતાં તેમણે લગ્ન કર્યા અને બંનેને એક દીકરી માલતી મેરી છે. ઘણા રુમર્સ આવે છે કે તેમના લગ્ન તૂટી જશે, તેમના લગ્ન એક PR સ્ટન્ટ જ છે, બંને વચ્ચે તાલમેલ નથી અને દૂર થઈ ગયા છે. પણ પ્રિયંકા કહે છે, 'આ બધુ ખૂબ હર્ટફુલ છે. અમે બંને એકબીજાની સાથે છીએ અને બાકીને ઈગ્નોર કરીએ છીએ. અમે ૮ વર્ષથી સાથે છીએ!' તેમની રિલેશનશીપ ઘણી રોમેન્ટિક છે, જેનો ઉલ્લેખ વારંવાર બંને દ્વારા સોશ્યલ મીડિયા ઉપરાંત ઈવેન્ટ્સમાં પણ થતો હોય છે.

તેમની દીકરી માલતી મેરી ૨૦૨૨માં સરોગેટથી આવી હતી. તે પ્રીમેચ્યોર થઈ હતી - NICUમાં ૯૨ દિવસ રહી, રેસસીટેશન અને બ્લડ ટ્રાન્સફ્યુઝન પણ થયા. પ્રિયંકા હંમેશા તેને સુરક્ષિત રાખવા માટે સિક્યોરિટી રાખે છે અને સોશ્યલ મીડિયાથી દૂર રાખવાનું પસંદ કરે છે. ગઈકાલે તેની 'The Bluff' ફિલ્મ આવી છે જેમાં તે ૧૯મી સદીની કેરિબિયન પાયરેટ બની છે. તે એક્શન ફિલ્મ છે. એસ.એસ. રાજામૌલી સાથે તે હાલમાં 'વારાણસી' ફિલ્મનું શૂટિંગ કરી રહી છે. આ તેના કરિયરની સૌથી મોટી ફિલ્મ છે, જે ૨૦૨૭માં રિલીઝ થશે. પ્રિયંકા એક એવી મજબૂત મહિલા છે જે પોતાના સપના પૂરા કરવા માટે હિંમત, મહેનત, લગન અને કોન્ફિડેન્સથી કામ કરતી રહી છે અને આજે તે સક્સેસફૂલ એક્ટ્રેસ, પ્રોડ્યુસર અને ગ્લોબલ આઈકોન છે. ●

> "તાજેતરમાં તેણે હાર્વર્ડ યુનિવર્સિટીમાં ઇન્ડિયા કોન્ફરન્સમાં કીનોટ સ્પીચ આપી હતી, જેમાં તેણે ભારતીય આઈડેન્ટિટી, એમ્બિશન અને ગ્લોબલ ઇન્ડિયા વિશે ખૂબ ઇમોશનલ વાત કરી હતી. તેઓ કહે છે કે તેઓ ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે ગર્વ અનુભવે છે...

RAPID FIRE

વીથ

પ્રતિભા રંતાની



# પ્રતિભા રંતાની પ્રતિભા કેટલી રંગ લાવશે?

***'લા**પતા લેડિઝ'ની 'પુષ્પા દેવી'થી પહેચાન પામેલી પ્રતિભા રંતા તેની નવી ફિલ્મ 'અક્યુઝ્ડ'માં કોંકણા સેન સાથે થિયેટરોમાં જોવા મળવાની છે. ટેલિવિઝનની 'કુર્બાં હુઆ'માં ચાહતનો રોલ, 'આધા ઈશ્ક' અને 'હીરામંડી' સીરીઝમાં શબાનો રોલ બખૂબી નિભાવી ચૂકેલી પહાડી ગર્લ રેપિડ ફાયરમાં કેવી પ્રતિભા બતાવે છે...*

**તમારું ફેવરિટ ફૂડ?**
દાદીની બનાવેલી ઘી-ગોળવાળી રોટલી

**શિમલા કે મુંબઈ - ક્યાં વધુ ગમે?**
અફકોર્સ શિમલા; મુંબઈ તો કામ માટે છે.

**લાપતા લેડીઝ પછી સૌથી વધુ શું બદલાયું?**
લોકો મને ઓળખે છે!

**ગિલ્ટી પ્લેઝર?**
રાત્રે ૧૨ વાગ્યા પછી ચિપ્સ, ચોકલેટ આઈસ્ક્રીમ ખાવું!

**ફેવરિટ બોલિવુડ ગીત?**
"પહાડો પે બસેરા" - ઘરની યાદ આવે છે!

**કોઈ એક્ટર/એક્ટ્રેસ સાથે કામ કરવું હોય તો?**
આયુષ્માન ખુરાના કે આલિયા ભટ્ટ

**તમારો સૌથી મોટો ડર?**
સ્પાઈડર...અને ઓડિશનમાં બોલાવે નહીં એ પણ!

**એક શબ્દમાં તમારું જીવન?**
સપના!

**તમારું ચીટ મીલ કયું?**
મેકડોનાલ્ડ્સનું ફૂલ મીલ

**રિસન્ટલી જોયેલી મૂવી?**
Into The Wild

**એક શબ્દમાં તમારું ૨૦૨૬?**
એક્સાઈટેડ! નવા સપના, નવી ફિલ્મ્સ માટે. ●

# BAFTAમાં રિજનલ ફિલ્મ 'બૂંગ' ચમકી

ટ્રેન્ડીંગ

**બ્રિ**ટીશ એકેડેમી ફિલ્મ એવોર્ડ્સ જેને ટૂંકમાં BAFTA એવોર્ડ્સ તરીકે ઓળખવામાં આવે છે. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ લંડનમાં યોજાયેલા ૭૯મા એવોર્ડ ફંક્શનમાં બોલિવૂડના સ્ટાર્સ વિશ્વના મોટા મંચ પર ચમકી રહ્યા છે. ખાસ કરીને BAFTA Awards 2026માં ભારતીય સિનેમાને બે મોટી સફળતા મળી છે. જેમાં આલિયા ભટ્ટ અને એક મણિપુરી ફિલ્મ બૂંગએ સૌનું ધ્યાન ખેંચ્યું.

આલિયા પહેલી વખત BAFTAમાં પ્રેઝન્ટર તરીકે આવી હતી. તેણે 'Best Film Not in the English Language' એવોર્ડ આપ્યો. સ્ટેજ પર જતાં જ તેણે આલિયાએ કસ્ટમ સિલ્વર ગુચી ગાઉન પહેર્યું હતું, જે મેરિલિન મનરોની સ્ટાઈલથી પ્રેરિત હતું. તેના આ હિન્દી સ્પીચને ફેન્સે 'આઈકોનિક' કહ્યું. આલિયા પહેલા પણ પ્રિયંકા ચોપડા અને દીપિકા પાડુકોણ જેવી બોલિવૂડ એક્ટ્રેસ BAFTAમાં પ્રેઝન્ટર બની ચૂકી છે.



બીજી મોટી ખુશખબર બૂંગ ફિલ્મની છે. આ મણિપુરી ભાષાની ફિલ્મે Best Children's & Family Film એવોર્ડ જીત્યો. ભારતીય ફિલ્મ માટે આ કેટેગરીમાં પહેલી જીત છે. ફિલ્મનું નિર્દેશન લક્ષ્મીપ્રિયા દેવીએ કર્યું છે અને તેને ફરહાન અખ્તરએ બેક કરી હતી. ફિલ્મમાં એક નાનો છોકરો પોતાના ગુમ થયેલા પિતાને શોધે છે, જે મણિપુરના સંઘર્ષ વચ્ચે બને છે. આ ફિલ્મે Zootopia 2 અને Lilo & Stitch જેવી હોલિવૂડ ફિલ્મોને માત આપી છે. આ જીતથી નોર્થ-ઈસ્ટ ભારત અને મણિપુરી સિનેમાને વિશ્વમાં માન મળ્યું છે. આ એવોર્ડ ફંક્શનમાં 'હી મેન' ધરમેન્દ્રને મેમોરિયલ કેટેગરીમાં યાદ કરવામાં આવ્યા હતા.



આ BAFTA 2026માં ભારતીય સિનેમા માટે ગર્વની વાત છે. 'બૂંગ' ફિલ્મે રિજનલ સિનેમાને ગ્લોબલ સ્ટેજ આપ્યો અને ભારતીય ફિલ્મોને આંતરરાષ્ટ્રીય સ્પોટલાઈટમાં લાવ્યા હોવાથી ભારતના PMએ પણ ટીમને અભિનંદન આપ્યા હતા. ●